# બાયડના છપૈયા ધામમાં બાપ્પા મોરીયાના નાદ સાથે વિસર્જન યોજાયું

## વાત્રક નદીમાં મૂર્તિ વિસર્જન સમયે ફ્લેટના સભ્યો ભાવુક બન્યા





બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૪ જિલ્લામાં ગણપતિ મહોત્સવનો ઉત્સાહ ચરમસીમાએ છે ત્યારે બાયડના છપૈયાધામ ફ્લેટમાં રવિવારે બાપ્પા મોરીયાના નાદ સાથે શોભાયાત્રા યોજી ગણેશ મૂર્તિનું વાત્રક નદીમાં વિસર્જન કરાયું ત્યારે ફ્લેટના સભ્યો ભાવુક બન્યા હતા. ૫ દિવસ સુધી પૂંજા અર્ચના પછી ગણેશ વિસર્જનના કાર્યક્રમમાં તમામ સભ્યો જોડાયા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડમાં સોસાયટી વિસ્તારો, ફ્લેટ અને બાયડ ગામમાં ઠેક ઠેકાણે ગણપતિ મહોત્સવની તા.૩૧ ઑગષ્ટથી ઉજવણી શરૂ થઈ છે. ગણપતિ મહોત્સવના કારણે સમગ્ર નગરમાં અનેરો ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. બાયડના છપૈયાધામ ફ્લેટના પ્રમુખ કલ્પેશભાઈ દરજી તથા ફ્લેટના સભ્યો પ્રથમવાર ગણેશ મહોત્સવનું આયોજન કરાયું હતું. શુભ મૂહર્તમાં મૂર્તિ સ્થાપન પછી ૫ દિવસ સવાર-સાંજ નિત્ય આરતી સહિત ધાર્મિક કાર્યક્રમ આયોજીત થયા અને રવિવારે ફ્લેટના સભ્ય શૈલેષ એસ. ભાટીયા, પાર્થ બારોટ, હર્ષ પ્રજાપતિ, હેમેન્દ્રભાઈ સુથાર, હર્ષદભાઈ ચૌધરી, તુષારભાઈ ઉપાધ્યાય વગેરે હાજર રહ્યા હતા.

### વડાપ્રધાનના માદરે વતનમાં ભ્રષ્ટાચારીઓ બેફામ, મામલો પ્રદેશ કક્ષાએ પહોંચ્યો

# ભિલોડાના રઘુ પાસેથી ફાઈલ ક્લિયર કરવાના રૂા.૧ લાખ કોને ખંખેર્યા ?

### પ્રદેશ પ્રમુખ પાટીલ દ્વારા તપાસ થાય તો ભ્રષ્ટાચારીઓની જન્મ કુંડળી બહાર આવશે

ગાંધીનગર, તા.૦૪

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ભાજપના એક કાર્યકરે નિયુક્તિમાં સંગઠનના એક હોદ્દેદારે પૈસા ખંખેર્યાનો ગંભીર આરોપ કર્યા પછી સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી છે અને આ મામલાની તપાસ હજુ શરૂ થઈ નથી ત્યાં ભિલોડાના રઘુ પાસેથી પ્લોટની ફાઈલ ક્લિયર કરવાના રૂા.૧ લાખ ખંખેર્યાની ચર્ચાઓ અરવલ્લીની ગીરીકંદરાઓમાં અથડાતાં સનસનાટી મચી ગઈ છે. દેશના વડાપ્રધાને ભ્રષ્ટાચારીઓ સામે લગામ કસવાનો સંકલ્પ જાહેર કર્યો છે ત્યારે તેમના માદરે વતનમાં જ ભ્રષ્ટાચારીઓ બેફામ બન્યા છે અને આ મામલો પ્રદેશ કક્ષાએ પહોંચ્યો છે જેમાં એક પદાધિકારીના સગાની ઘનિષ્ઠ સંડોવણીના પુરાવા અરજદાર પાસે હોવાનું મનાઈ રહ્યું છે ત્યારે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા તપાસ થાય તો અરવલ્લી જિલ્લાના ભ્રષ્ટાચારીઓની જન્મ કુંડળી આપો આપ બહાર આવી શકે છે.

ગુજરાતીમાં કહેવત છે કે વખાણી ખીચડી દાંતે વળગે બસ આવી સ્થિતિ આંધળો વિશ્વાસ મૂકવાથી થતી હોય તેવું જિલ્લામાંથી બહાર આવી રહ્યું છે. તાજેતરમાં જ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા)એ ભાજના કાર્યકર બિપીન કે. ચૌધરીને બિભત્સ ગાળો બોલી, ધમકી આપતી ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી પ્રમુખ દ્વારા પોતાનો કોઈએ અવાજ ડબીંગ કર્યો હોવાનો ગળે ન ઉતરે તેવો ખુલાસો કર્યો છે. જો કે સત્ય શું છે તે જિલ્લાની ૧૫ લાખની માનવ વસતી અને ૧.૩૦ લાખથી વધુ ભાજપના કાર્યકરો જાણી ચૂક્યા છે. મોટા ગજાના નેતાઓની જેમ સ્ટાઈલ મારવાથી કે પછી વાતો કરવાથી લોક હૃદયમાં સ્થાન મળતું નથી. મદારીની જેમ ખેલ કરનારાઓને જિલ્લાના સમજુ મતદારો અને પ્રજાએ ઘર ભેગા કરી દીધા છે તે ભૂલવું જોઈએ નહીં પરંતુ જિલ્લામાં ભાજપના પાયાના કાર્યકરો સાથે જે અન્યાય થઈ રહ્યો છે તે સામે પ્રદેશ સંગઠનના આંખ મિચામણા શું પરિણામ લાવશે તે કહેવું ઉતાવળીયું છે પરંતુ હવે વધુ એક સનસનીખેજ વિગત સામે આવી છે કે ભિલોડાના રઘુ પાસેથી ફાઈલ ક્લિયર કરવાના રૂા.૧ લાખ કોઈએ ખંખેરી લીધા છે. ત્યારે જિલ્લા પંચાયતમાં એવી તે કઈ ફાઈલ આવી કે તેને ક્લિયર કરવા માટે વજનની જરૂર પડી. પ્રદેશ કક્ષાએથી જિલ્લા પંચાયતમાં આવેલી છેલ્લા સવા વર્ષમાં ફાઈલો ક્લિયર કરવામાં કોઈ ભ્રષ્ટાચાર થયો છે કે કેમ તેની તપાસ થાય તો અનેકના પગ તળેથી જમીન સરકી જાય તેવી સ્થિતિ પેદા થઈ શકે છે.

### ગામે ગામ સંગઠન હોદ્દેદારો સામે કાર્યકરોમાં નારાજગીનો સૂર

વિધાનસભા ચૂંટણીના આડે ગણતરીના ૨ મહિના બાકી છે ત્યારે ભાજપ દ્વારા સ્વચ્છ છબી ધરાવતા અને જીતી શકે તેવા ઉમેદવારો શોધવા માટે વિસ્તારકના રૂપમાં ચુનંદા કાર્યકરો બાયડ, મોડાસા અને ભિલોડા વિધાનસભામાં મોકલવામાં આવ્યા છે. જ્યારે પ્રદેશ તેમજ કેન્દ્ર કક્ષાએથી પણ કેટલાક રિપોર્ટ મેળવવાની શરૂઆત થઈ છે જેમાં જિલ્લા ભાજપ સંગઠનના કેટલાક હોદ્દેદારો સામે કાર્યકરોએ અતિગંભીર આરોપની સાથે નારાજગીનો સૂર વ્યક્ત કર્યો છે અને આ તમામ અહેવાલ પ્રદેશ પ્રમુખ તેમજ સંગઠન મહામંત્રી સુધી પહોંચ્યાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે.

### કામ કરવા માટે કોઈએ પૈસા માગ્યા હોય તો અમને વિગત આપો

અરવલ્લી જિલ્લામાં ભાજપના કોઈ પદાધિકારી, જવાબદાર સંગઠન હોદ્દેદાર, તેમના મળતિયા કે સગાએ કોઈ કામ પુરૂ કરી આપવા માટે પૈસા માગ્યા હોય તો સંપૂર્ણ પુરાવા સાથેની વિગત અમને મોબાઈલ નં.૯૨૬૫૮૧૪૪૧૮ ઉપર મોકલી આપવી. કોઈપણ પ્રકારના ડર વગર અમે આવા કહેવાતા આગેવાનોને ખુલ્લા પાડવાનું આપને પ્રોમીશ આપીએ છીએ. તાજેતરમાં જ જિલ્લાની એક ગ્રામ પંચાયતના સરપંચને બચાવવા માટે રૂા.૨ લાખ લીધાની વિગતો પણ બિનસત્તાવાર રીતે સામે આવી છે.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા અણુંજાની પ્રથા યથાવત

### પશુ રક્ષણ માટે વર્ષ માં એક વખત બળિયા દેવની બાધા કરે છે : આ દિવસે પશુનું દૂધનું વિતરણ કરવામાં આવતું નથી : વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યંત્ર યુગમાં પણ યથાવત





પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રહેતા ક્ષત્રિય સમાજ દ્વારા અંણુજા પાડવામાં આવ્યા હતાં જેમા પશુઓના રક્ષણ માટે વર્ષ માં એક વખત બળિયા દેવની બાધા આજે પણ કરવામાં આવે છે જે વર્ષો થી ચાલી આવતી પરમપરા આજે પણ યંત્ર યુગમાં પણ યથાવત છે.

પ્રાંતિજ નાની ભાગોળ મોટાવાસ, નાનાવાસ , આંબલિયા વાસ, જાંબુ વાસ ખાતે રહેતા ક્ષત્રિય સમાજના ભાઈ-બહેનો દ્વારા બળિયા દેવના મંદિર ખાતે આજે વર્ષો થી ચાલી આવતી પરમપરા મુજબ પોતાના પશુઓની તંદુરસ્તી માટે એક દિવસ માટે અંણુજા પાડવાં આવે છે જેમાં પશુ દુધ નું વિતરણ કરવામાં આવતું નથી અને નાનાથી મોટા મહિલાઓ સહિત કુલેર , ઉધના ટોડા બુંદી જેવી પ્રસાદ લઈને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ બળિયા દેવના મંદિર ખાતે જઈને બાધા પૂર્ણ કરવામાં આવે છે અને ત્યાર બાદ પરત આવી બહુચર મંદિર ખાતે ટોળાનું હવન કરવામાં આવે છે અને ક્ષત્રિય સમાજ ના ભાઈ બહેનો દ્વારા પ્રસાદ લઈ છુટા પડ્યા હતાં.

# જુની પેન્શન યોજના માટે પાલનપુર ખાતે કર્મચારીઓએ વિશાળ રેલી યોજી



પાલનપુર તા. ૪

જુની પેન્શન યોજના લાગુ કરવા માટે વિવિધ વિભાગના સરકારી કર્મચારી સંગઠનોએ આજે પાલનપુર ખાતે રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચાના નેજા હેઠળ વિશાળ રેલી યોજી બનાસકાંઠા કલેકટરશ્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. શનિવારે વહેલી શાળા હોવાથી પ્રાથમિક શિક્ષકો સ્કુલનું કામ સમયસર આટોપીને સવારે-૧૧.૦૦ વાગ્યાથી રેલીમાં જોડાવા વિશાળ સંખ્યામાં આવી પહોંચ્યા હતા. પાલનપુર કલેકટર "જી, "જી જુની પેન્શન યોજનાના નારાથી ગુંજી ઉઠી હતી. બનાસકાંઠા જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચો દ્વારા યોજાયેલ આ રેલીમાં ૨૫ હજારથી વધુ કર્મચારીઓ જોડાયા હતા. પાલનપુર બ્રાહ્મણ વાડીથી કલેકટર કચેરી સુધી યોજાયેલ કુલ-૩૨ જેટલાં મંડળોની વિશાળ મહારેલીથી પાલનપુરના માર્ગો પર માનવ મહેરામણ ઉમટ્યો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ મહારેલી બાદ મિડીયાની મુલાકાતમાં બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચા, બનાસકાંઠાના પ્રમુખ સંજયભાઈ દવેએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા આજે સમગ્ર રાજ્યમાં જુની પેન્શન યોજના લાગુ કરવા માટે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં ૨૫ હજાર કરતા વધુ કર્મચારીઓએ રેલી યોજી કલેકટરશ્રીને આવેદનપત્ર આપ્યું છે. તેમણે કહ્યું કે, જૂની પેન્શન યોજના લાગુ નહીં કરાય તો આગામી સમયમાં જલદ આંદોલન કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, જુની પેન્શન યોજના સહિત કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી સમયમાં રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા અચોક્કસ મુદતની હડતાલ પાડવામાં આવશે.

## અરવલ્લી જિલ્લાના ધનસુરામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો



અરવલ્લી જિલ્લાના ધનસુરા માં મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨ અંતર્ગત મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો.જેમાં મતદારયાદી માં વિવિધ સુધારા કરવા માટે ખાસ ઝુંબેશ યોજાઈ હતી.જેમાં ૧-૧૦-૨૦૨૨ ના રોજ જેમની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ થતી હોય તે લોકો મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી અને ચુંટણી માં મતદાન કરી શકે છે.આ અંતર્ગત અરવલ્લી જિલ્લાના ધનસુરા માં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો.સાથે મતદાર યાદીમાં નવું નામ દાખલ કરવું,ચૂંટણી કાર્ડ સાથે આધારકાર્ડને લિંક કરવું,મતદારયાદી માંથી નામ કમી કરવું,મતદાર યાદીમાં નોંધાયેલી વિગતમાં સુધારા કરવા જેવી બાબતો અંગે કામગીરી કરવામાં આવી હતી.ધનસુરા માં યોજાયેલ મતદારયાદી સુધારણા કાર્યક્રમ માં લોકો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. હવે આ કાર્યક્રમ ૧૧ સપ્ટેમ્બર ના રોજ સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી યોજાશે.આ કાર્યક્રમ ધનસુરા મામલતદાર મયુરધ્વજસિંહ રાઠોડ ના માર્ગદર્શન માં યોજાયો હતો જેમાં રાહુલભાઈ નાયબ મામલતદાર મતદારયાદી સહિત સ્ટાફ અને બી.એલ.ઓ જોડાયા હતા.

## આંતરરાષ્ટ્રીય કવીઝર કોમ્પિટિશનમાં ગુજરાતનું હિર ઝળકયું




ભારત દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે સમગ્ર દેશ અને દુનિયામાં વસતા ભારતીયો દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે દેશ દુનિયામાં વિવિધ સ્તરે વિવિધ પ્રકારના આયોજન દ્વારા ભારતની આઝાદીના ઈતિહાસને ઉજાગર કરવાનો અને ભાવિ પેઢીને ભારતીય સભ્યતા, સંસ્કૃતિ અને તેના ભવ્ય વારસાથી પરિચિત થવાનો મોકો પ્રદાન કરવામાં આવી રહ્યો છે. ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે વિદેશમાં વસતા ભારતીયો તેમજ વિદેશી યુવાનો ભારત દેશ વિશે વધુ જાણકારી મેળવી શકે એ હેતુથી ડિસેમ્બર ૨૦૨૧માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એક કવીઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં દુનિયાભરમાંથી ૧૭૮ દેશોના પંદર હજાર જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાતના પનોતા પુત્ર , પાલનપુર ખાતે નાયબ કલેક્ટર મધ્યાહન ભોજન તરીકે સેવારત અધિકારી એફ.એ.બાબીના સુપુત્ર તથા હાલમાં જર્મનીના ડ્રેસડન ખાતે એમ.એસ.સી વેબ એન્ડ ડેટા સાયન્સનો અભ્યાસ કરતા શેર બુલંદખાન બાબીએ પ્રથમ નંબર મેળવી સમગ્ર દુનિયામાં ભારતીય જ્ઞાનનો પરચમ લહેરાવ્યો છે. તેમની આ સિદ્ધિએ વિદેશની ધરતી પર સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવી ગુજરાતનું નામ રોશન કર્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આ કવીઝ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર શેર બુલંદખાનને જર્મનીના બર્લિન ખાતે યોજાયેલા સ્વતંત્રતા પર્વની ઉજવણીના સમારોહમાં ભારતના જર્મની ખાતેના એમ્બેસેડર પર્વતથાનેની હરિશના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓને શપથ લેવડાવવામાં આવ્યા



સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓને સ્વચ્છતા સહિત વિવિધ બાબતોએ શપથ લેવડાવવામાં આવ્યા હતા.માં અંબા ના ધામ માં પદયાત્રીઓ પહોંચી રહ્યા છે.ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ સેવાભાવ માટે આગળ આવતા હોય છે.ત્યારે કિશોરપુરા નજીક સ્વામી વિવેકાનંદ ગુજરાત યુવા બોર્ડ અરવલ્લી દ્વારા પદયાત્રીઓને રસ્તે પ્લાસ્ટીક બોટલો કે કચરો ખુલ્લા માં ના નાખે તેમજ સફાઈ નું પણ ધ્યાન રાખે સહિત વિવિધ સંકલ્પો અરવલ્લી જિલ્લા સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ ના કાર્યકરો એ લેવડાવ્યા હતા.સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા પદયાત્રા બાદ ૧ કિલોમીટર રોડ સાઈડ ની સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવશે.સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ ના હિમાંશુભાઈ પટેલ એ જણાવ્યું હતું કે આ કેમ્પ માં ૧૦,૦૦૦ પદયાત્રીઓ ને સફાઈ શપથ લેવડાવવામાં આવશે.

## પ્રાંતિજ ખાતે ભોઈ સમાજની મહિલાઓ દ્વારા જલયાત્રા કાઢવામાં આવી



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા મટકી યાત્રા (જલયાત્રા) કાઢવામાં આવી હતી જેમાં ભોઈ સમાજની મહિલાઓ દ્વારા માથે મટકી મુકીને યાત્રા માં જોડાઈ હતી. પ્રાંતિજ ખાતે રહેતાં શ્રીમાળી શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ભાદરવાસુદ નોમના પ્રવિત્ર દિવસે મોટામાઢ ખાતે રહેતા અને પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર રીટાબેન દિલીપભાઈ ભોઇ ના ધરેથી દર વર્ષ ની જેમ આરતી બાદ ગાગર બેલડી જલયાત્રા કાઢવામાં આવી હતી જયારે સંતાન પ્રાપ્તિ અને કુટુંબના કલ્યાણ અર્થે તેવો માતાજીની બાધા રાખેછે અને શિગોડા ભોઈ સમાજ પાણી સાથે સંકળાયેલો છે જેથી જળ દેવતાની તેઓ શ્રધ્ધા પૂર્વક પૂજા અર્ચના કરે છે અને માતાજીની બાધા પણ રાખતાં હોય છે ત્યારે આ પવિત્ર દિવસે સમાજની મહિલાઓ મહાકાલી પાસે આવેલ મંદિરે એકઠાં થઈને આ દિવસે સમુહ માં માનેલ બાધા પૂર્ણ થતાં અને જલ દેવ ની પુંજા માટે માથે બેડામૂકી ઢોલ નંગારા સાથે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી પ્રસાર થઈ જલયાત્રા નેશનલ હાઈવે આઠ શ્રી માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને જલયાત્રા સમાપન કરવામાં આવે છે.

## ‘૨૦૨૪ માટે વિપક્ષી દળો એક...ખુરશી એક પણ વિપક્ષમાં વરરાજા અનેક...’

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?**

બાયડ તા.૪

આજનું રાજકારણ જોઈને ક્યારેક તો હસવું આવી જાય અને દ્વિધ્ધા થાય કે આ તમામ રાજનેતાઓને ચતુર ચાણક્ય કહેવા કે પછી શકુનિ તે જ સમજમાં નથી આવતું!! વિવિધ પ્રાંતના આ સૂબાઓ છે જેમને મોદીજી આંખમાં કણાની માફક ખટકે છે.... મોદીજીના હાલમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનની વિરુદ્ધ વિપક્ષી દળોમાં મોદી હટાવો અભિયાન ચાલી રહ્યું છે. મોદી હટાવવામાં સૌની એકતા છે. કોઈપણ ભોગે મોદીજીને દિલ્હીની ગાદી ઉપરથી હટાવો!! પણ, તેમની બદલે ગાદી ઉપર આ તમામ નેતાઓને બેસવું છે... દરેકના મનની મુરાદ મેલી છે. દિલ્હીની ગાદી તો પોતાની જોડે જ હોવી જોઈએ એ વાત લઈને આ ટોળું અત્યારે એકજુટ થઈ રહ્યું છે. મોદીજીના અવગુણો શોધવામાં વ્યસ્ત છે ત્યારે બીજું કંઈ તેમને મળ્યું નહિ પણ મને થર્ડ અમ્પાયરને મોદીજીનો એક માત્ર અવગુણ જોવા મળ્યો કે તેઓ ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડી રહ્યા છે તે આ ખીચડીના મગ ચોખાઓને ગમતું નથી.... દરેક વિપક્ષી દળને મોદીજી તો ગમતા નથી પણ વિપક્ષના અન્ય દળના નેતાઓ પણ ક્યાં ગમે છે?? દિલ્હીના કેજરીવાલને પ્રધાનમંત્રી બનવું છે તો બંગાળના મમતાજી તો પગે ઘૂઘરા બાંધીને બેઠા છે તો અખિલેશ યાદવને તો સાયકલ ચલાવતા ચલાવતા હવાઈ જહાજના સપના આવે છે કે દેશના પ્રધાનમંત્રી તો યુ.પી. નો હું પ્રિન્સ જ હોઈ શકું!! જ્યારે શરદ પવાર જેવા ખેલાડી પણ આ રેસમાં પોતાને સુપ્રીમ સમજે છે ત્યારે તેલંગાણાના કે.સી.આર. પોતાને જ સર્વશ્રેષ્ઠ પ્રધાનમંત્રી સમજી રહ્યા છે.... આ તમામ દેડકા એક ઊંડા વાસણમાં કુદકા મારી રહ્યા છે!! દરેકને સત્તાનો મોહ છે!! તૃસ્ટીકરણનું રાજકારણ, જાતિવાદનું રાજકારણ, મોંઘવારી અને મફતનું આપીને દિલ જીતવાનું રાજકારણ તેવો ખેલી રહ્યા છે અને દેશના પ્રધાનમંત્રી બનવાના સપના જોઈ રહ્યા છે!! રાષ્ટ્રવાદને ભૂલીને સ્વાર્થ અને સત્તા મોહનું રાજકારણ ખેલી રહ્યા છે અને જનતાને છેતરી રહ્યા છે... મોદીજી ના જોઈએ કારણકે મોદીજીની એક માત્ર ભૂલ છે કે તેઓ પોતાની મનમાની કરવા નથી દેતા... અમે મનમાની કરીયે, ભ્રષ્ટાચાર કરવા દઈએ, જાતિવાદ કરીયે કે પછી તૃસ્ટીકરણનું રાજકારણ ખેલીએ પણ અમે જમતા માટે સારું જ કરવાનું ઈચ્છીએ છીએ આ અમારું રાજકારણ મોદીજી તમને કેમ ભાવતું નથી?? "તમે દેશના પ્રધાનમંત્રીને લાયક નથી એટલે અમે તમારા વિરુદ્ધ એકત્ર થયા છીએ." આ આવાજ વિપક્ષ દળનો છે.... આ તમામને પ્રધાનમંત્રી બનવું છે પણ રાહુલ ગાંધીની બળતરા છે કે એ કોઈ નહિ દેશનો હિતેચ્છુ તો હું ગાંધી પરિવારનો નબીરો જ છું!! આ માનસિકતા સાથે આ તમામ નેતાઓ મનુષ્ય બુદ્ધિ છોડી એક ઊંડા વાસણમાં પડીને ડ્રાંઉં ડ્રાંઉં કરી રહ્યા છે.... લાગે છે તમને કે આમાંથી કોઈ દેશનું નામ રોશન કરી શકે? સિર્ફ સત્તા અને પદનો મોહ હોય તેવી દુર્ગંધ તેમનામાંથી આવી રહી છે... તેઓ તમામ વિપક્ષી નેતાઓ મોદીજીની ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડતથી ડરેલા છે... તેઓ ભ્રષ્ટાચાર કે રાષ્ટ્રવાદથી ખૂબ ડરેલા છે!! તમામ વિપક્ષી નેતાઓ પોતાનો કક્કો ખરો કરવા માગે છે અને પોતાની મનમાની પ્રમાણે રાજ કરવા માંગે છે. "આ તમામ રાજનેતાઓ દેશની જનતા ઉપર રાજ કરવા માંગે છે જ્યારે મોદીજી દેશની જનતાના દિલમાં રાજ કરવાની દિશામાં આગળ વધે છે..." આ તમામ વિપક્ષી નેતાઓ વિચારધારામાં રાક્ષસી દક્ષિણ દિશા તરફ આગળ વધી રહ્યા છે જ્યારે મોદીજી તદન વિરુદ્ધ ઉત્તર દિશા જે દેવોની છે તે દિશા તરફ ચાલી રહ્યા છે ત્યારે કોણ જીતશે કે કોણ હારશે તે સમય જ બતાવશે!! ઈતિહાસ તો એ વાતની સાક્ષી પૂરે છે કે દેવોની દિશા એ જીતની દિશા છે જ્યારે દક્ષિણ દિશા જે રાક્ષસી વિચારધારા છે જેનો દુઃખદ અંત જ થતો હોય છે.

## ભાજપની ભગીની સંસ્થા કિસાનસંઘે જ સરકાર સામે બાંયો ચડાવી

### તંત્ર ઉંઘતુ રહ્યું, ખેડૂતોએ ને.હા.નં-૮ પર રાજેન્દ્ર નગર ચોકડી પર ચક્કાજામ : કિસાન સંઘે ખેડૂતોની પડતર માંગોને લઈને ને.હા.નં-૮ પર ચક્કાજામ કરતા હજ્જારો વાહનો ટ્રાફિકમાં અટવાયાઃ મોડાસા રૂરલ પીએસઆઈ રાઠોડને ખેડૂતો સાથે ચકમક જરી



મોડાસા, તા. ૪

તંત્ર ઉંઘતુ રહ્યું, ખેડૂતોએ ને.હા.નં-૮ પર રાજેન્દ્ર નગર ચોકડી પર ચક્કાજામ : કિસાન સંઘે ખેડૂતોની પડતર માંગોને લઈને ને.હા.નં-૮ પર ચક્કાજામ કરતા હજ્જારો વાહનો ટ્રાફિકમાં અટવાયા : મોડાસા રૂરલ પીએસઆઈ રાઠોડને ખેડૂતો સાથે ચકમક જરી.

ભાજપ પક્ષની પાંખ ગણાતા ભારતીય કિસાન સંઘે ખેડૂતો ના પ્રશ્નોને લઈને સરકાર સામે બાંયો ચડાવી છે. ગુજરાતમાં ખેડૂતો માટે સમાન વીજ દર અને અનેક પડતર માંગણી સાથે ભારતીય કિસાન સંઘે ગાંધીનગરમાં આંદોલન કરી રહ્યું છે રાજ્યમાં કિસાન સંઘ સરકાર સામે આશ્ચર્યજનક કાર્યક્રમો આપી વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો છે અરવલ્લી જીલ્લા કિસાનસંઘે વાહનોથી સતત ધમધમતા અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડી ચકકજામ કરતા ટ્રાફિકજામ સર્જાયો હતો આઈબી અને રૂરલ પોલીસતંત્ર ઉંઘતુ ઝડપાયું હતું. રવિવારે સવારે અરવલ્લી જીલ્લા કિસાન સંઘના હોદેદારો અને ખેડૂતો મોટી સંખ્યામાં નેશનલ હાઈવે નં-૮ પર રાજેન્દ્રનગર ચોકડી નજીક રોડ પર ઉતરી આવ્યા હતા અને ખેડૂતોની પડતર માંગને લઈને ચક્કાજામ કરતા ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો હાઈવે પર ચક્કાજામ ના પગલે વાહનોની લાંબી કતારો લાગી હતી ખેડૂતોએ હાઈવે ચક્કાજામ કરતા મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ચક્કાજામ દૂર કરવાનો પ્રયત્ન કરતા ખેડૂત નેતાઓ અને મોડાસા રૂરલ પીએસઆઈ રાઠોડ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું મામલો તંગ બને તે પહેલા પોલીસકર્મીઓ અને અન્ય ખેડૂતોએ મામલો શાંત પાડ્યો હતો આખરે પોલીસની સમજાવટથી ચક્કાજામ દૂર કરતા ટ્રાફિક પૂર્વરત કરાતા વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઓએ બપોરના સુમાર સુધી ચક્કાજામ કરનાર કિસાન સંઘના નેતાઓ કે ખેડૂતો સામે અટકાયતી પગલાં કે કાયદેસરની કાર્યવાહી કરવામાં ન આવી હોવાનું જણાવ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**જન્મદિને વધામણી**



પટેલ પુનમભાઈ હીરાભાઈ
જિલ્લો-અરવલ્લી
તાલુકો-ધનસુરા